# શૂન્યથી શિખર સુધીની
# યાત્રાનો આરંભ
# તેંતાલીસ સોનેરી સૂત્રોથી કરીએ

---

શૂન્ય થી શિખર સુધીની સફળતા પ્રાપ્ત કરવાનું 'સોફ્ટવેર' તમારી ભીતર છૂપાયેલું છે. તમારું ભાગ્ય તમારા હાથમાં જ છે. તમે તમારું સોફ્ટવેર વિકસાવશો તો તમારી શક્તિઓનો વિસ્તાર આકાશની સીમાઓની પેલે પાર સુધી વિકસી શકશે આપણામાંના ઘણા બધા કેટલીવાર પોતાની પાસે બધી જ શક્તિઓ, આવડતો, તાકાત અને સાધનો હોવા છતાં એક ડગલું આગળ વધવાની કોશિશ કરતાં ડરે છે. યાદ રહે દોસ્તો, આપણી ભીતર અનંત શક્તિઓ નો ખજાનો છુપાયેલો જ છે.

---

એક બહુ જ જાણીતી વાર્તા છે. એક માદા બાજે સંજોગવશાત્ કાગડાના માળામાં ઈંડાં મૂક્યાં. બાજનું બચ્ચું કાગડાનાં બચ્ચાંઓ સાથે જ મોટું થયું અને ખુદને કાગડો જ માનવા લાગ્યું.

એક દિવસ બાજમાતા પોતાના બચ્ચાને મળવા આવી. તેણે પોતાનો પરિચય આપી બચ્ચાને જણાવ્યું કે તે બાજ પક્ષી છે, અને ઊંચે આકાશમાં ઊડવા માટે શક્તિમાન છે, પણ બાલ્યાવસ્થાના ઉછેરના નકારાત્મક પ્રભાવને કારણે બાજબચ્ચાને તેની માતાની વાતમાં વિશ્વાસ ન આવ્યો.

થોડા સમય પછી કાગડાએ પોતાનાં બચ્ચાંઓને આદેશ આપતાં કહ્યું કે, 'હવે તમે મોટાં થયાં છો. તમારે બે પાંખો છે, એને ધ્યાનથી જુઓ. આ પાંખો વડે તમે ઊંચે આકાશમાં ઊડી શકશો. તો હવે ઊડવા માટે તૈયાર થઈ જાવ.'

બાજબચ્ચાએ ધ્યાનથી પોતાની પાંખો જોઈ. તેને સમજાયું કે તેની પાંખો તેનાં ભાઈ-બહેનોની સરખામણીમાં ઘણી મોટી હતી. તેણે ઊડવાનું શરૂ કર્યું. આકાશમાં ઊંચી ઉડાન ભરવાનો પ્રયત્ન કર્યો અને તે સફળ થયું. બાજમાતા ત્યાં જ ચક્કર લગાવતી હતી. તે પોતાના બચ્ચા પાસે આવી, સાથે ઊડવા લાગી. બાજબચ્ચાને સત્ય સમજાઈ ગયું.

આપણામાંના ઘણા બધા કેટલી વાર બાજબચ્ચાની જેમ વર્તન કરે છે. આપણી પાસે બધી જ શક્તિઓ, આવડતો, તાકાત અને સાધનો હોવા છતાં આપણે એક ડગલું આગળ વધવાની કોશિશ કરતાં ડરીએ છીએ. કારણ? કાં તો આપણને આપણી શક્તિઓનું ભાન નથી હોતું અથવા આપણે એમનો પ્રયોગ કરવાથી ગભરાઈએ છીએ.

યાદ રહે દોસ્તો, આપણી ભીતર અનંત શક્તિઓ છુપાયેલી જ છે. તમે એને ઓળખશો અને ઢંઢોળશો તો તમારા હિતમાં તેનો ઉપયોગ કરી શકશો. તમારી ભીતરમાં ધરબાયેલી આ શક્તિ એકબીજા સાથે સંકળાયેલી છે. તમે એક શક્તિ જાગૃત કરશો તો બીજી આપોઆપ વિકસવા લાગશે.

આપણામાંના ઘણા બધા કેટલી વાર આપણી બધી જ શક્તિઓ, આવડતો, તાકાત અને સાધનો હોવા છતાં આપણે એક ડગલું આગળ વધવાની કોશિશ કરતાં ડરીએ છીએ. યાદ રહે દોસ્તો, આપણી ભીતર અનંત શક્તિઓનો ખજાનો છુપાયેલો જ છે.

એક વખત તમારી ભીતરની શક્તિ વિકસવાની શરૂ થશે પછી તેનો વિસ્તાર તમે આકાશની ઊંચાઈઓ અને સીમાઓ સુધી કરી શકશો. તમારી વર્તમાન

પરિસ્થિતિ ભલે ગમે તેવી હોય, પણ તમારો આશય સારો હશે, નીયત સાફ હશે અને તમે અન્યની ભલાઈની દિશામાં કાર્યરત હશો તો તમારી શક્તિઓ અહીં સૂચવાયેલા કેટલાક ઉપાયોથી સોળે કળાએ ખીલી ઊઠશે. એક પુરવાર થયેલું સત્ય એ છે કે 'કોઈ પણ વ્યક્તિનું ભાગ્ય પૂરેપૂરું એના પોતાના જ હાથમાં છે.'

જીવનમાં સફળતાની ટોચ પર પહોંચવા માટેની એક ચોક્કસ ક્રમબદ્ધ પ્રક્રિયા છે. સફળતા મેળવનાર પ્રત્યેક સફળ વ્યક્તિમાં કેટલીક વાતો એકસમાન હોય છે. તમે સફળતાના સામાન્ય સિદ્ધાંતોને સમજો અને આત્મસાત્ કરો. આ સિદ્ધાંતો નીચે વર્ણવ્યા છે.

## (૧) સફળતાની ઝંખના રાખનાર વ્યક્તિ જાણે છે કે એને શું મેળવવું છે?

સફળ વ્યક્તિનું વિઝન સ્પષ્ટ હોય છે. જ્યાં સુધી તેઓ તેમના ઇચ્છિત ધ્યેયને પ્રાપ્ત નથી કરી લેતા ત્યાં સુધી તેઓ તેમનું ધ્યાન તેના પર કેન્દ્રિત કરી રાખે છે. તેઓ એક વાતમાં સ્પષ્ટ હોય છે કે ઇચ્છિત પરિણામ મળે ત્યાં સુધી કાર્યરત રહેવું. તેમની આ હઠ તેમની વિચારધારા અને વિશ્વાસનો સ્રોત બની તેમના મનના અંતરાલમાં અંકિત થઈ જાય છે. એક ચિત્તો જેમ તેનો શિકાર એક ઝુંડમાંથી પસંદ કરી તેની પાછળ ચીલઝડપથી ભાગી એનો પીછો કરે છે અને એને મેળવવા સુધી સતત પ્રયત્નશીલ રહે છે તેવી જ રીતે શૂન્યથી શિખર સુધી પહોંચવાની મનોકામના ધરાવનાર પોતાનું ધ્યેય પસંદ કરે છે, ચીલઝડપથી ભાગી એનો પીછો કરે છે અને એને મેળવવા સુધી સતત પ્રયત્નશીલ રહે છે.

## (૨) સફળતાની ઝંખના રાખનાર વ્યક્તિ હકારાત્મક શક્તિનો ઉપયોગ કરે છે

સફળ વ્યક્તિ ઓછામાં ઓછા સમયમાં મહત્તમ શક્તિથી કાર્ય કરે છે. સમગ્ર સૃષ્ટિનાં બે મુખ્ય ચાલક બળ છે, હકારાત્મક અને નકારાત્મક.

જ્યારે તમે હકારાત્મક શબ્દો, વિચારધારા કે કાર્યોના બળ પર શક્તિ ઉત્પન્ન કરો છો ત્યારે તે જીવનની હકારાત્મક વાતો તેમ જ ઘટનાઓને જ તમારી તરફ આકર્ષિત કરે છે. એથી વિરુદ્ધ નકારાત્મક શક્તિથી નકારાત્મક પરિણામ જ આવે છે.

તમે ફૂટબૉલને જેટલી ગતિથી લાત મારી દીવાલ તરફ ફેંકો છો એટલી જ ગતિથી એ તમારા તરફ પાછો આવે છે.

તમે માની લો કે એ ફૂટબૉલ તમારા મનના ભાવોનું અને એ દીવાલ આ સૃષ્ટિનું પ્રતીક છે. જો તમે એ ફૂટબૉલ પર પ્રેમ લખીને ફેંકશો તો પેલી દીવાલ એટલી જ ગતિથી પ્રેમ પાછો ફેંકશે અને જો તમે એ ફૂટબૉલ પર ઘૃણા લખીને ફેંકશો તો એટલી જ ઝડપથી ઘૃણા પાછી મેળવશો.

(૩) સફળતા વિવિધ પરિબળોનો સરવાળો છે

મોટા ભાગની વ્યક્તિઓ એવું માનીને ચાલે છે કે અથાગ પરિશ્રમ કરવાથી જ સફળતા મળે છે. સફળતા માટેનું અથાગ પરિશ્રમ એક મહત્ત્વનું પરિબળ છે, પણ તે પૂરતું નથી. કઠોર પરિશ્રમ ઉપરાંત તમારી કુશળતા, જ્ઞાન, વિવેકબુદ્ધિ, ધીરજ, મૂળભૂત ચારિત્ર્ય વગેરે પરિબળો પણ સફળતા માટે જરૂરી છે. સફળતા આ વિવિધ પરિબળોનો સરવાળો છે.

(૪) સફળતા ક્રમશઃ મળે છે એટલે લગે રહો મુન્નાભાઈ

સફળતા અકસ્માતે કે નસીબવાળાને મળે છે એ ભ્રામક માન્યતા છે. સફળ થનારા લોકો સતત કઠોર પરિશ્રમ કરતા રહે છે અને ઇચ્છિત પરિણામ મળે ત્યાં સુધી ધ્યેયપ્રાપ્તિ માટે કાર્યરત રહે છે. તેમને કોઈ મોટી સફળતા અણધારી નથી મળતી, પણ નાની-નાની સફળતાના સરવાળારૂપે મળતી રહે છે. માની લો કે આમ ન થાય અને તેમને નિષ્ફળતા મળે તો પણ તેઓ પીછેહઠ કરતા નથી, પરંતુ તેમાંથી પણ તેઓ સતત શીખતા જ રહે છે.

(૫) સફળતા કોઈનો ઇજારો નથી

સફળતા કોઈની જાગીર કે વારસાગત બાબત નથી, છતાં પણ હકીકત એ છે કે સફળતા ઝંખતા બધા જ લોકો જીવનની સફરમાં સફળતાનો સ્વાદ ચાખ્યા વગર જ ક્યાંક અટવાઈ જાય છે.

આવા લોકોને ખાસ સૂચન છે કે તમારી કાર્યશૈલી બદલો. જીવનમાં શિસ્ત લાવો. તમારી જાતની જવાબદારી રાખવા એક ડાયરી બનાવો, જેમાં સફળતા મેળવવાના હકારાત્મક ઉપાયો અને વિચારોની નોટ્સ બનાવો. તમે જ્યાં ઊભા છો ત્યાંથી જ આરંભ કરો. ભૂતકાળની ચિંતાનાં પોટલાંને ફગાવી દો. વીતેલા ઘાવોને અને નિરાશાને ભુલાવી દો. તમારી નજર આવનાર ભવિષ્ય તરફ રાખો.

ઉજ્જવળ તેમ જ સફળ ભવિષ્યનો રસ્તો તમારા હાથમાં જ છે. યાદ

રાખો, પહેલાં તમારો રસ્તો તમારે જ નક્કી કરવાનો છે. ઈશ્વર પણ તમને અડધે રસ્તે પહોંચ્યા પછી જ માર્ગદર્શન આપશે.

તમારા ધ્યેય તરફ આગળ વધવા તમારી અંદર છુપાયેલી શક્તિને ઢંઢોળો, જગાવો અને જ્યાં છો ત્યાંથી આ શક્તિઓનો ઉપયોગ કરતાં આગળ વધો. તમારી ભીતરનો અવાજ તમારી 'સફળતાનું સૉફ્ટવેર' છે. તમારું આ સૉફ્ટવેર તમારું ભાગ્યવિધાતા છે. તમારી ભીતર છુપાયેલી તમારી કલ્પનાશક્તિ, ઇચ્છાશક્તિ, , વિશ્વાસની શક્તિ, ધ્યાન કેન્દ્રિત કરવાની શક્તિ, તમારા શબ્દોની શક્તિ, આત્મવિશ્વાસ અને આત્મશ્રદ્ધાની શક્તિ, લક્ષ્યનિર્ધારણની શક્તિ, માન્યતા, સંબંધોની શક્તિ, સંકલ્પશક્તિ, કાર્યશક્તિ, મનોવલણ, તમારી ક્ષમતાઓને જગાવવાની શક્તિ, અને પ્રેમની શક્તિને તમારે ઓળખવાની છે, જગાવવાની છે અને સફળતાના શિખરે પહોંચવા તેને કામે લગાડવાની છે.

ન્યુરોગ્રાફ

શૂન્યથી શિખર સુધીની યાત્રામાં તમારાં સ્વપ્નાંઓ અને કલ્પનાઓને એવી રીતે જીવો, જાણે એ તમારા પોતાનું બાળસ્વરૂપ હોય, તમારી અંતિમ સફળતાની બ્લુ-પ્રિન્ટ હોય. હા તમે જ તમારા ભાગ્યવિધાતા છો.